# “ડાંગર બિયારણ ઉત્પાદન ખેડુત તાલીમ (મીટીંગ)” અંગેની કાર્યશિબિર

# મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ

અત્રેની કચેરી મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ અને "ધી પાનમ મહિલા ખેડુત ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ" (FPO) દ્વારા ડૉ. એમ.બી.પરમાર, સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) અને ડૉ. ડી.જે.કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી)ની ઉપસ્થિતિમાં “ડાંગર બિયારણ ઉત્પાદન ખેડુત તાલીમ (મીટીંગ)” અંગેની કાર્યશિબિર તા. ૨૦.૦૯.૨૦૨૪ના રોજ ગામ: વંદેલી તા. મોરવા હડફ, જી. પંચમહાલ ખાતે યોજાયેલ હતો.

આ કાર્યક્રમમાં ડૉ. ડી.જે.કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ દ્વારા ઓરાણ ડાંગરની ખેતી પધ્ધતિ વિષે ખૂબજ ઊંડાણ પૂર્વક સમજણ આપી હતી અને ડૉ. એમ.બી.પરમાર, સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) દ્વારા ડાંગરની નવી તથા સુધારેલી જાતો વિષે અને ડાંગરમાં આવતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન તથા ડાંગરની ખેતીમાં ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં મોરવા હડફ તાલુકાના જુદા-જુદા ગામો માંથી ૪૫ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. GR 21, GAR 22 અને GAR 201 જાતોના નિદર્શન વાળા ખેતરો, તેમજ GAR 13 અને ગુર્જરી જાતોનાં બીજ ઉત્પાદન પ્લોટની મુલાકાત કરવામાં આવી. ત્યારબાદ આભાર વિધિ કરી સદર પરીસંવાદને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.









સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.